
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**આને કહેવાય મરદ માણસ બાપુને તો બધા ગરબા ગવડાવે... બાઇડનને ગવરાવે એ હાચો...!!**

# કડીયાએ પૈસા માંગતા કોન્ટ્રાકટરના માણસોએ લાકડીઓ મારી

ગાંધીનગર, તા.૨૩

શહેરના સેકટર-૬ કડીયાનાકા ખાતે કડીયાકામની મજુરીના પૈસાની માંગણી કરતા કોન્ટ્રાકટરના માણસોએ શખ્સને લાકડીઓ મારી ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. મળતી વિગત મુજબ ગાંધીનગરના બોરીજ ગામના રબારી વાસ ખાતે રહેતા બકુલ જગદીશભાઈ કટારા પરિવાર સાથે રહે છે અને અમદાવાદ પાલડી ખાતે મહિલા અને બાળ વિકાસની ઓફિસમાં પટાવાળા તરીકે ફરજ બજાવે છે. પરિવારમાં પિતા અને ત્રણ ભાઈ છે.જેમાં સૌથી મોટા સુખલાલભાઈ જે કડીયાકામ કરે છે અને ત્યારબાદ શૈલેષભાઈ સૌ સાથે રહીએ છીએ. ગતરોજ રાત્રીના આઠ વાગ્યાના અરસામાં વિનોદભાઈનો ફોન ફરીયાદી પર આવ્યો હતો. તેઓએ જણાવ્યું કે હું અને સુખલાલભાઈ બંન્ને જણા સેકટર-૬ શાકમાર્કેટ ખાતે સુનિલ બારીયા પાસે સુખલાલની મજુરીના બાકી રૂપીયા લેવા માટે આવ્યા હતા અને તુ પણ અહી આવ. જેથી ફરીયાદી તાત્કાલીક સેકટર-૬ ખાતે આવી પહોંચી ગયો હતો.

તે સમયે સુનિલ બારીયા અને અન્ય બે શખ્સો તેમની સાથે હતા.સુખલાલે અને સુનિલે પૈસાની માંગણી કરતા સુનિલ બારીયા ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળાગાળી કરી પૈસાની માંગણી કરી છે તો જાનથી મારી નાંખીશ. જયારે સુનિલભાઈ પાસે રહેલા બે શખ્સો પૈકી એક વ્યકિતએ લાકડી સુખલાલને ખભાના ભાગે મારી હતી. જેથી ઝઘડામાંથી છોડાવવા જતા ફરીયાદીને પણ શખ્સે લાકડી માથાના ભાગે મારતા લોહી નીકળતા નીચે પડી ગયો હતો. જેથી બંન્ને ભાઈઓને ગડદાપાટુનો માર મારતા હતા. ત્યારે હોહા થતા અન્ય નાગરીકો એકઠા થઈ જતા કોન્ટ્રાકટર અને બે શખ્સો નાસી ગયા હતા. જયારે બે ભાઈઓને ૧૦૮ દ્વારા ગાંધીનગર સારવાર માટે ખસેડાયા હતા.જયાં ફરીયાદીને માથાના ભાગે પાંચ ટાંકા આવ્યા હતા. જયારે સુખલાલને ડાબા ખભા પર ઈજા પહોંચી હતી. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં આજે મુલાકાતીઓની સંખ્યા ઓછી નોંધાઈ હોવાથી ટ્રાફિક ભારણ પણ ઘટ્યુ હતુ.
- શહેરની હદ વધતાં નવા ટ્રાફિક સિગ્નલો મુકવાની માંગ વધી છે તેમજ ગતિ મર્યાદા નિયમનના પગલાં લેવાની પણ માંગ વધી છે.
- ગાંધીનગર શહેરમાં પાણીના ક્લોરીનેશનને લઈ નગરજનોમાં ચર્ચાઓ શરૂ થઈ છે.
- ગાંધીનગર શહેરમાં ખાડા-ખૈયાવાળા આંતરિક રસ્તાઓને લઈ વાહનોમાં પંક્ચર થવાની ફરિયાદો વધી છે.
- દહેગામના પાટનાકુવાથી બાબરા જતા રોડ પરથી જુગાર રમતા ૭ ઈસમો ઝડપાયા.
- ગાંધીનગરના બોરીજ ગામના બે ભાઈઓએ મજૂરીના પૈસા માગતા ત્રણ ઈસમોએ માર માર્યાની ફરિયાદ નોંધાઈ છે.
- કલોલના એક ખેતરમાંથી કેબલ ચોરીની ફરિયાદ નોંધાઈ છે.
- દહેગામના ચેખલાપગી ગામે જમીન બાબતે ભત્રીજાના દિકરાનો આધેડ પર હુમલો.
- રક્ષાશક્તિ યુનિવર્સિટીએ સી.આર.પી.એફ. સાથે એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કર્યા.
- આજે બલિદાન દિવસના ઉપલક્ષ્યમાં ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીને શ્રધ્ધાસુમન સાથે ગાંધીનગર (દ) વિધાનસભાના અલ્પકાલીન વિસ્તારકોની કાર્યશાળાનો આરંભ થયો હતો.
- માણસા તાલુકાના આમજા ગામે ડે. સરપંચની બિનહરિફ વરણી કરાઈ છે.
- સમસ્ત બ્રહ્મસમાજ ધોળેશ્વર શાખા દ્વારા ૮મી જુલાઈના રોજ વિદ્યાર્થીઓ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના માર્ગોની સફાઈ ન થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.
- ગાંધીનગર શહેરમાં જાહેર કચરાપેટીઓ કચરાથી છલોછલ ભરાઈ જવા પામી છે પણ નિયમિત રીતે ખાલી ન થતાં પેટી નજીક ગંદકીના થર જોવા મળી રહ્યા છે.
- કલોલ તાલુકાના હાજીપુર ગામે મંથન અપંગ કન્યા સેવા સંકુલમાં યોગ દિવસની ઉજવણી કરાઈ હતી.
- કલોલના પાનસર ખાતે ૧૭ સરકારી યોજનાઓમાં લેસ્યુરાઈઝેનને લઈ લાભાર્થીઓ માટે ખાસ કેમ્પનું આયોજન કરાયુ હતુ.
- આર.એન.પટેલ પ્રાયમરી શાળામાં ફાધર્સ ડે ની ઉજવણી કરવામાં આવી હતી.

# સંબંધીની ખબર પુછવા માટે જતા વૃધ્ધને ઘ-દોઢ પાસે અકસ્માત નડ્યો

## બાઈક ચાલકે એકસેસને ટક્કર મારતા વૃધ્ધ નીચે પટકાયા હતા

ગાંધીનગર, તા.૨૩

સંબંધીની ખબર અંતર પુછવા માટે હાઈટેક હોસ્પિટલ જતા વૃધ્ધને ઘ-દોઢ પાસે અકસ્માત નડ્યો હતો. ઘ-૦ તરફથી આવી રહેલા બાઈક ચાલકે એકસેસ ચાલક વૃધ્ધને ટક્કર મારી નીચે પાડી દીધા હતા. વૃધ્ધ રોડ પર પટકાતા શરીરે તેમજ કમરના ભાગે ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. મળતી વિગત મુજબ શહેરના સેકટર-૭ સી પ્લોટ નં.૯૮૩-૧ ખાતે ૭૦ વર્ષિય દશરથભાઈ મણીલાલ ભાવસાર પોતાના પરિવાર સાથે રહે છે. તેમના પરિવારમાં પત્ની, પુત્ર-પુત્રવધુ અને પૌત્રનો સમાવેશ થાય છે. જયારે તેમની માલિકીનું જી.જે.૧૮. સી.એન.-૮૨૭૯ એકસેસ છે. ગત તા.૨૨ ના રોજ વૃધ્ધ એકસેસ ચલાવી સંબંધીની ખબર અંતર પુછવા માટે હાઈટેક હોસ્પિટલ ઘ રોડ પર જઈ રહ્યા હતા. તે સમયે રાત્રીના આશરે સવા દશ વાગે વૃધ્ધ ઘ-દોઢ પાસે વળાંક લઈ રહ્યા હતા તે સમયે ઘ-૦ તરફથી રોકેટગતિએ આવી રહેલા બાઈક ચાલકે વૃધ્ધને ટકકર વાગતા અકસ્માત સર્જાયો હતો.જયારે બાઈક ચાલક અકસ્માત બાદ નાસી ગયો હતો.જયારે બાઈક પર નંબર પણ વિચિત્ર રીતે લખેલ હતો.જયારે વૃધ્ધને કમરના ભાગે મુઢમાર અને શરીરે ઈજાઓ પહોંચી હતી. વૃધ્ધને હાઈટેકમાં સારવાર માટે લઈ ગયા હતા.જયારે ફોન કરતા તેમનો દિકરો પણ હોસ્પિટલ ખાતે આવી પહોંચ્યો હતો. બનાવ અંગે વડીલે બાઈક ચાલક સામે ફરીયાદ નોંધાવતા આગળની તપાસ હાથ ધરી છે.

# હાર્મની મ્યૂઝિક એકેડેમી દ્વારા આંતરરાષ્ટ્રીય સંગીત દિવસની ઉજવણી



તાજેતરમાં હાર્મની મ્યૂઝિક એકેડેમી - હેમંત સોની અને મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા સાથે મળી રિહર્સલ કરીને આંતરરાષ્ટ્રીય સંગીત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. હાર્મની મ્યૂઝિક એકેડેમીના ડિરેક્ટર હેમંત સોનીએ વ્યવસાયીક જીવનમાં રિહર્સલ કેવું અને કેટલું મહત્ત્વ છે તે વિશે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. આ રિહર્સલમાં મિલાપ ટાટારિઆ ટાઈગર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# શેરથા ખેતરની ઓરડીમાંથી રૂ.૭૨ હજારના કેબલની ચોરી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના શેરથા ગામે ખેતરમાં આવેલી ઓરડીનાં તાળા તોડી તસ્કરો ટયુબવેલનો ૧૦૦ ફુટ લાંબો કોપરનો વાયર, ઈલેક્ટ્રીક પેનલ બોર્ડ, ઓટો ટ્રાન્સફોર્મર સહિતની ચીજવસ્તુઓ ચોરીને ફરાર થઈ જતા અડાલજ પોલીસે રૂ.૭૨ હજારના મુદ્દામાલની ચોરીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.મળતી વિગત મુજબ કલોલ પંચવટી સ્વામીકૃપા સોસાયટીમાં રહેતા મુળ શેરથા ગામના પ્રભુનગર સોસાયટીના રહેવાસી હસમુખભાઈ મોહનભાઈ પટેલની ગામની સીમમાં કોટાવાળા વિસ્તારમાં આશરે ૧૨ વીઘા જમીન આવેલી છે. જેમાં તેઓ માણસો રાખીને ખેતી કરાવે છે. ખેતરમાં એક બોર (ટયુબવેલ) ઓરડી સાથે બનાવેલ છે.

ગત તા.૨૧ મી જુનના રોજ હસમુખભાઈ સાંજના ઘરે ગયા હતા. ગઈકાલે તા.૨૨ મી જુને ખેતરમાં કામ કરતા ગીરીશભાઈ નટુભાઈ સાધુએ ફોન કરી જણાવ્યું હતું કે ખેતરમાં બનાવેલ બોરવેલનો કેબલ ચોરી થઈ ગયો છે. જેથી હસમુખભાઈ ખેતરે દોડી ગયા હતા.તેઓએ તપાસ કરતા માલુમ થયુ કે ઓરડીના દરવાજાનો નકુચો તોડી ચોર શખ્સો ટયુબવેલમાં ફીટ કરેલ ૧૦૦ ફુટ કેબલ વાયર, ઈલેક્ટ્રીક પેનલ બોર્ડ, કોપર વાયર, ઈલેક્ટ્રીક બોર્ડનું કેપીસીટર નંગ-૧, તેમજ પેનલ બોર્ડનુ ઓટો ટ્રાન્સફોર્મરનો વાયર મળીને કુલ રૂ.૭૨ હજારનો મુદ્દામાલ ચોરી નાસી ગયા હતા.

બનાવની જાણ થતા હસમુખભાઈનો દિકરો પણ ખેતરે દોડી ગયો હતો. તેને આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી પરંતુ કેબલનો ક્યાંય પત્તો ન લાગતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## કામધેનુ યુનિવર્સિટી દ્વારા ડોક્ટર ઓફ સાયન્સની માનદ પદવી એનાયત

ગાંધીનગર, તા.૨૨

કામધેનુ યુનિવર્સિટીના કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાષ્ટ્રીય ડેરી ડેવલોપમેન્ટ બોર્ડના ચેરમેન શ્રી મિનેશ શાહને ડૉક્ટર ઑફ સાયન્સની માનદ પદવી પ્રમાણપત્ર એનાયત કર્યું હતું. ડેરી અને પશુપાલન ક્ષેત્રમાં તેમના નિરંતર યોગદાન બદલ કામધેનુ યુનિવર્સિટીએ તેમને માનદ પદવી આપી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ એન.ડી.ડી.બી.ના ચેરમેન શ્રી મિનેશ શાહ સાથેની વાતચીતમાંદેશી ગાયની દૂધ ઉત્પાદન ક્ષમતા વધારવા, ઊંચી નસલની બ્રીડ તૈયાર કરવા અનેસેક્સ શૉર્ટેડ સિમેન ટેકનોલોજીનો વ્યાપ વધારવા અંગે વિસ્તૃત વિચાર-વિમર્શ કર્યો હતો.

# રાંધેજા ગામે ઉમિયાનગર સોસાયટીમાંથી એકટીવાની ચોરી

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગર નજીક રાંધેજા ગામના ઉમિયાનગર સોસાયટીના નાકે વાડામાંથી એકટીવાની ચોરી થવા પામી છે.

જેથી આધેડે એકટીવા ચોરી અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ રાંધેજા ગામ નવા વાસ ખાતે રહેતા ગણપતભાઈ શંકરભાઈ પટેલ પરિવાર સાથે રહે છે. તેમના પરિવારમાં પત્ની અને બાળકો છે. ગણપતભાઈએ જી.જે.૦૧.જે.ઝેડ.-૫૨૬૪ નંબરનું સેકન્ડ હેન્ડ એકટીવા ખરીદી કરીને તેનો ઉપયોગ તેઓ કરતા હતા.

ગત તા.૨૨ ના રોજ રાત્રીના એક વાગે રાંધેજા ગામે ઉમિયાનગર સોસાયટીના નાકે પશુઓના વાડામાં એકટીવા પાર્ક કરી પરિવારના સભ્યો સુઈ ગયા હતા. જયારે ભુલથી ચાવી એકટીવામાં રહી ગઈ હતી.જયારે સવારના પાંચ વાગે ફરીયાદીનો દિકરો પશુઓ હોવાથી વહેલો ઉઠીને વાડામાં આવ્યો હતો.

અને ફરીયાદીને જગાડીને કહ્યું કે પિતાજી તમારુ એકટીવા ક્યાં છે.

જેથી એકટીવાની ગામમાં તેમજ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી. પરંતુ આજદીન સુધી એકટીવા મળી ન આવતા કોઈ અજાણ્યો ચોરી કરી લઈ જતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

# ઉત્કર્ષ ફાઉન્ડેશન આયોજિત ૪ગામમાં રેલી રથ જાગૃતિ કાર્યકમનું આયોજન




ગાંધીનગર, તા.૨૨

જાગૃતિ રથ કાર્યક્રમ કરવામાં આવેલ આજ રોજના પલિયડ થી કોઠા મોખાસણ ધમાસણ એમ ૪ ગામ માં રેલી રથ જાગુતિ કાર્યકર્મ આયોજન ક્ર્યું સો-પ્રથમ મેડિકલ ઓફિસર દ્વારા રીબીન કટીંગ કરવામાં આવેલ ત્યારબાદ ગ્રીન ઝંડી દઈને જાગૃતિ રથ નું કાર્યક્રમ કરવામાં આવેલ જેનો હતું રીક્ષા દ્વારા દરેક ક્લસ્ટર ૦૧, ૦૨ અને ૦૮ સ્લોગન ના શબ્દો સાંભળે એવા ઉદ્દ્શ સાથે જાગુતિનું ગામમાં રથ રેલી કરવામાં આવી.

# વરસાદી ગીત સ્પર્ધાનું બીબીએ કોલેજમાં આયોજન



ગાંધીનગર, તા.૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીની સ્ટ્રેશન (બીબીએ) નાં ઉત્સાહી યુવા વિદ્યાર્થીઓએ ભગવાન જગન્નાથ ની નગરયાત્રા અષાઢી બીજના દિવસે વર્ષાઋતુંના ગીતની સ્પર્ધાનું આયોજન કોલેજના NSS યુનિટ દ્વારા કરવામાં આવ્યું હતું.બીબીએ ઉપક્રમે પવિત્ર રથયાત્રા નિમિતે વિવિધ સામાજીક મુદ્દાઓ પર જાગૃત કરવા અનોખી પહેલ કરવામાં આવી હતી. યુનિવર્સિટીના કો-ઓર્ડિનેટર ડો.રણછોડભાઈ રથવી તેમજ કોલેજના ઉપાચાર્ય ડો.જયેશ તન્ના અને યુનિવર્સિટી NSS વિભાગન પ્રો અંજલી પટેલ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમનું સંકલન પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. NSS વોલીયંટર્સ વરસાદી ગીત ગાઈ મેઘરાજાને અષાઢ જેવા ધોરી મહિનામાં ગુજરાતમાં વરસવા માટે વિનાવ્યા હતા. કાર્યક્રમમાં ૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ચૌહાણ ચંદ્રપાલ, માલાણી અર્પિત,કૌશલ સુથાર,બ્રિજેશ જોશી,ધારા સોંનગેલા,ભાગ્યદીપસિંહ ગોહિલ, કૃપા બરાસરા,નિરાલી પાનસુરીયા, પટેલ ખુશી, ધ્રુવી પટેલ એ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમજ સર્વધર્મ સમભાવની પ્રાર્થના સામાજિક સૌહાર્દ માટે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી.



શ્રી વિશ્વકર્મા પંચાલ સમાજ ગાંધીનગરની સંસ્થા દ્વારા સમાજના દાતાશ્રીઓ અને સંસ્થાના સહયોગ દ્વારા પંચાલ સમાજના વિદ્યાર્થીઓને રાહત દરે ચોપડા વિતરણનું આયોજન તારીખ ૨૦ ૬ ૨૦૨૩ થી તારીખ ૨૮ ૬ ૨૦૧૩ સુધી ચોપડા વિતરણ કરવામાં આવશે

# ગાંધીનગર સંગીની ફોરમ દ્વારા યોગ દિવસની ઉજવણી




ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સંગીની ફોરમે ૨૧ જૂનના દિવસે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ખુબ જ શાનદાર ઉજવણી કરી ગાંધીનગર સગીની ફોરમ દ્વારા સ્થાનકવાસી ઉપાશ્રય સેક્ટર ૨૨ ખાતે ખૂબ જાણીતા ગાંધીનગરના લોકપ્રિય યોગ ગુરુ શોભાબેન શાહના સાનિધ્યમાં યોગના વિવિધ આસન અને એનાથી થતા ફાયદાઓ શીખવાડ્યા હતા. એમાં પણ થાઈરોડ માઈગ્રેન ડાયાબિટીસ સાંધા ના દુખાવા આ બધા રોગોએ હાલમાં વિકરાળ રૂપ લઈ લીધું છે આનાથી બચવા માટેના આસન અને એક્યુપ્રેશર ના પોઈન્ટ પણ શીખવાડ્યા હતા આ કાર્યક્રમનું સંચાલન ગાંધીનગર સંગીની ફોરમ ના પ્રેસિડેન્ટ વીણાબેન વોરાએ કર્યું હતું તેમજ વાઈસ પ્રેસિડેન્ટ સોનલબેન શાહે કાર્યક્રમની શરૂઆત કરી હતી તેમજ યોગ ગુરુઓ નો પરિચય આપ્યો હતો તેમજ ફાઉન્ડર પ્રેસિડેન્ટ નિકિતાબેન શાહ અને ગુજરાત રિજીયન ના કોઓર્ડીનેટર ઝોન ના પ્રમુખ ભાવિનાબેન શાહનું સ્વાગત કર્યું હતું




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી, ગાંધીનગર શાખા સંચાલિત શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, સેક્ટર-૨૩ ખાતે ધોરણ-૯ અને ૧૧ની વિદ્યાર્થિનીઓના પ્રવેશોત્સવ અને ધોરણ ૧૦ અને ૧૨ની વિદ્યાર્થિનીઓના વાલીઓની વાલી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ડભોડામાં નિઃશુલ્ક આંખોની તપાસનો કેમ્પ પ્રોજેક્ટ દિશા અભિયાન કાર્યકમ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

આજે સ્વ. કુંવરબેન બાબુભાઈ રબારી ના સ્મરણાર્થે કે. ડી. હૉસ્પિટલ અમદાવાદ તેમજ ડભોડા ગ્રામ પંચાયત અને શ્રી હનુમાનજી મંદિર ટ્રસ્ટ ડભોડા ના સહયોગથી ડભોડા ગામની શ્રી હનુમાનજીમંદિરની વાડીમાં નિશુલ્ક આખોની તપાસનો કેમ્પ પ્રોજેક્ટ દિશા અભિયાન અંતર્ગત યોજવામાં આવ્યો. જેમાં ૫૦૦ થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો. જેમાંથી ૬૦ દર્દીઓને કે. ડી. હૉસ્પિટલ માં નિઃશુલ્ક ઓપરેશન કરી આપવામાં આવશે. આ કેમ્પમાં કે. ડી. હોસ્પીટલના ઓપથમોલોજી વિભાગના સિનિયર ડૉ. રીનલ પટેલ, ભાવિક પ્રજાપતિ દ્વારા દરેક લાભાર્થીની ચીવટપૂર્વક તપાસ કરવામાં આવી.દર્દીઓને ફ્રી નંબરના ચશ્માં અને દવાનું વિતરણ કરવામાં આવ્યું. સમાજના સેવડાના વ્યકિત સુધી આંખોની અત્યાધુનિક સારવાર મળી શકે તથા જરૂરિયાતમંદ કોઈપણ નિદાન અને સારવારથી વંચિત ના રહે એ પ્રોજેક્ટ દિશાનો મુખ્ય ધ્યેય છે. અને એ થકી અત્યાર સુધીમાં ૩૦ ગામની અંદર આ રીતે કેમ્પનું આયોજન કરવામાં અને ૧૧૦૦૦ થી વધારે લોકો નો તપાસ કરી અને ૧૨૦૦ થી વધારે લોકોના કે.ડી. હોસ્પિટલમાં ઓપરેશન કરી આપવામાં આવ્યા એમ કે.ડી. હૉસ્પિટલ ના સી.ઓ.ઓ ડૉ. પાર્થ દેસાઈ દ્વારા જણાવવામાં આવ્યું. આ કેમ્પમાં આનંદીબેન પરમાર (સરપંચશ્રી ડભોડા) શ્રીમતી સજનબેન પરમાર (તાલુકા સદસ્ય), જીવભાઈ રામજીભાઈ રાયકા (નિવૃત્ત આચાર્ય) , ડોક્ટર મહેન્દ્ર દેસાઈ તેમજ હનુમાનજી મંદિર ના ટ્રસ્ટી હાજર રહ્યા.અને આ કેમ્પ



ને સફળ બનવા પોતાની સેવા આપી અને કે. ડી.હોસ્પીટલ તેમજ સ્ટાફગણ નો આભાર વ્યક્ત કર્યો. ગામલોકો એ કે. ડી હોસ્પીટલ નો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો.